બાળલગ્ન નિષેધક કાવ્ય

૧૬૩૭

છપાવી પ્રસિદ્ધ કરનાર.

છોટાલાલ જાદવરાય મજમુદાર.

રેહેવાશી જુનાગઢના નાગર.



અમદાવાદમાં

માણેકચોક નજીક કાગદીઓળમાં ખોડાઢોરના

મકાનમાં અમદાવાદ વિકટોરીઆ પ્રેસમાં

શા૦ નાથાભાઈ લલુભાઈએ છાપુ

સંવત ૧૯૩૮—સન ૧૮૮૨

કિંમત ૦-૨-૦

પ્રસ્તાવના.

છોકરાંના સુખ દુઃખનો આધાર હમેશાં મા બાપ ઉપર રહેલો છે કોમળ ઝાડ જેમ વાળીએ તેમ વળે તેમ બાલ્યાવસ્થામાંથી છોકરાંને જેવાં કરીએ તેવાં થાય.

જમીનમાં બાવળ વાવીએ તો કાંટા થાય અને તેજ જમીનમાં આંમ્ર વાવીએ તો આંમ્રફળ ઉત્પન થાય અર્થાત જમીન એકજ પણ જેવાં બીજ વાવીયે તેવાં તેમાં ફળ થાય એ જેમ સ્વભાવિક છે તેમ બાલ્યાવસ્તામાંથી છોકરાંને જેવાં કરીએ તેવાં લાયક ઉમરે નીવડે એ પણ સ્વભાવિકજ છે.

બાલ્યવસ્તામાંથી છોકરાંનુ સારી રીતે પોષણ કરી વિદ્યાદાન ભરપુર આપી યોગ્ય ઉમરની વય થયા બાદજ વિવાહ કરવો એ મા બાપનો મુખ્ય ધર્મ છે.

આઠ વરસની વય થયા બાદ પુત્રને જનોઇ આપી. બે વરસની કન્યા સાથે વિવાહ કરવો જોઇએ છોકરાની સોળ વરસની વય થ-. પછે અને કન્યાની દસ વરસની વય થયા પછે બંનેનાં લગ્ન કરવાં

સોળ વરસની કન્યા જ્યારે સમજુ થાય ત્યારે પતીની વય પણ બાવીસ વર્શની થએલી હોય, વિદ્યા જ્ઞાન પણ સારી રીતે સંપાદાન થયુ હોય તેથી ઉત્યમ પ્રકારનું પોતાનું ગુજરાન ચલાવવામાં કીંવા સંસારનુ સુખ લેવામાં તેને આ વખતે સઘળાં સાધનો આવી મળે એટલે શરીરની તંદુરસ્તી સારી રહે વિદ્યાથી ધન સંપાદાન થાય અને સત્કાર મળે. સદા ચરણ અને અને બુદ્ધીથી મોહોટા પુરૂષનો સમાગમ થાય અને તેથી દેશમાં સારૂ કામ કરવા તક મળે અને એ પ્રમાણે થવાથી દેશની પણ ચડતી થાય.

પુત્ર જન્મ થયા બાદ એપ્રમાણ કરવા દરેક માબાપનો ધર્મ છતાં દીલગીરી છે કે, બાળ લગ્ન કરવાનો ઘણો રીવાજ ચાલેલો છે પુત્ર જન્મ થયો કે તરતજ તેના વિવાહ કરવાની વાત ચલાવી અનતાનો લાહાવ લેવાના ઉમંગથી જ્ઞાની અને મુર્ખ શ્રીમંત ગરીબ સઘળાઓ કન્યાની વય કીંવા તેના કુટંબની સ્થીતી જ વિના એકદમ બાળલગ્ન કરે છે.

શ્રીમંત લોકો ઘણુ કરી આવા પ્રસંગમાં પૈસા ગુમાવી આબરૂ વધારવા વધારે ચાહના રાખી પુત્ર જન્મ થયો કે ચાર છ માસ કે વરસ બે વરસની છેક બાળક વયમાં બાળલગ્ન કરે છે.

જ્યાં પુત્ર સમજણો થઇ બરાબર વિદ્યાભ્યાસ કરવાને લાયક ઉમરનો થાય છે ત્યાં સ્ત્રી ઘેર આવે છે તેથી ભણવુ ગણવુ પડતુ મુકી ઘણીજ ખરાબ સ્થીતિમાં આવી પડે છે. વિદ્યા જ્ઞાન સંપાદાન થતુ નથી શરીર નબળુ પડે છે ચીંતા વધે છે બુદ્ધી હીણુ થાય છે પ્રકૃતી ક્લેશી થાય છે અને તેથી અનેક જાતના રોગ શરીરમાં ઉત્પન થાય છે. અને પરીણામ સ્ત્રી પતીની સસારની સ્થીતી ખરાબ થઇ જઇ ભુમીપર ભાર રૂપ થઇ પડે છે એટલુજ નહી પણ આવાં સંસારનાં જોડાં ઉત્પન થવાથી દેશમાં પણ પડતી આવે છે એમ્રી બાળલગ્ન કરી પોતાની પ્રજાની સ્થીતિ મા બાપ છેક ખરાબ કરી મેહેલે છે એ શું થોડા અપસોસની વાત છે ?

આંખ છતાં આંધળા થવુ, કાન છતાં બહેરા થવુ, મો છતાં મુગા થવુ એ શુ પોતાની પ્રજા તરફ મા બાપનો થોડો જુલમ છે ?

અજ્ઞાન અને મુર્ખ લોકો કદાચ પોતાના પુત્રનુ બાળ લગ્ન કરી અજ્ઞાનતાનો લાહાવ લે પરંચ વિદ્વાન અને સમજુ લોકો પણ પોતાના પુત્રનાં બાળ લગ્ન કરે છે એશું પાછળથી પસતાયા વિના રહે છે ! ના ના કદી નહી.

આપણે ગુજરાતી લોકો વિદ્યાની બાબતમાં છેક પાછળ રહ્યા છીએ શું આનુ કારણ મા બાપની કમસંભાલ અને બાળ લગ્ન નથી ? ઉપર પ્રમાણે પરીણામ આવવાનુ મુખ્ય કારણ બાળ લગ્ન છે. તેને માટે એક કલ્પીત બાળ લગ્ન થએલા પુરૂષ પોતાની સ્થીતિ બતાવે છે કે જે વાંચવાથી બાળ લગ્ન થવાથી સ્ત્રી પતીનો સંસાર કેમ ચાલે છે તે જાણાશે તેટલા બદલ આ એક બાળ લગ્ન નિષેધક કાવ્યનુ પુસ્તક પ્રસીદ્ધ કરેલુ છે તો સહુ કોઇ વાંચી પોતાના પુત્રનુ બાળ લગ્ન નહી કરવા અંતઃકર્ણથી ખરી પ્રતીજ્ઞા લેશે. એ આ પુસ્તક રચી પ્રસીદ્ધ કરવાનો ખાસ હેતુ છે.

ઘણા મીત્રોના આગ્રહથી જેમ બને તેમ જલદી આ પુસ્તક છાપી બાહાર પાડેલ છે તો ભુલ યા ચુક કીવા કાંઇ કવીતા દોષ હોય તો ક્ષમા કરશો. એ મારી વિ. છે.

ગ્રં૦ ક૦ છોટાલાલ વિ૦ જાદવરાય.

બાળ લગ્ન નિષેધક કાવ્ય.

રાગ. નારાયણ નરસીંહ નરોત્તમ પુરસોતમકો ધ્યાન ધરેરે એ ઢબ.

તરૂણ વયમાં છોકરાંને ભણવાની ઉલટ અને મા બાપે કરેલુ બાળ લગ્ન.

ભણી ગણી નવ બાહાર પડ્યા કહે પણ કારણ નવ પુછેરે.
વાત ખરી પસ્તાવો થાએ પણ પુછો કારણ શું છેરે.
હતા બાલક ઝુલતા પારણે બાળ લગ્ન કર્યું માત પીતાએ.
થસે દુઃખી બહુ બાલક માં. એ વિચાર નવ કર્યો જરાએ.
ત્રાણ વરસની ઉમર મારી પાંચ વરસની નારી મળીરે.
કહો દુઃખની વાત કહુ ક્યાં જાય ન વાતે દુઃખ ટળીરે.
નાની ઉમરમાં જ્ઞાન મળે નહી તેથી શું કહો કરીએરે.
હોય જ્ઞાન તો પ્રથમ વિચારી પાછળથી પગ ભરીએરે,
માત પીતાએ લાડ કરીને મોએ માગ્યુ દીધુરે.
નિશાળમાં નવ જાવા દઇને ભણવાનુ નવ કીધુરે.
જ્યારે જ્યારે ઝાઇ ભાઇ કહે કેમ ન ભણવા મેલોરે.
ઉતર આપે ભણવે થાએ શુ વિચાર છે તમ ઘેલોરે.
કઇક ભણીને રખડી મુવા છે કઇક ભણીને મરશેરે.
માહારો બાળક થાશે મોહોટો પેટ સુખેથી ભરસેરે.
એમ કરતાં આઠ વરસની વય થઇ મોહોટી મારીરે.
સ્કુલ જવા મે માંડયુ આપથી મહેનત લીધી સારીરે.
બાર વરસની ઉમરમાં મે કરી પાંચમી પુરીરે.
ખરૂ લક્ષ ભણવામાં લાગ્યુ જાણ્યુ વાત જરૂરીરે.
મેહેનત લેવા માડી આપથી નંબર રાખુ પેહેલોરે.
માસ્તર સાબાશી દે મુજને રહેતો પ્રથમ હુ છેલોરે
ભણી પાસ ઇંગ્રેજીમાં થઇ જાઉ પરીક્ષા દેવારે.
એમ વિચારી અંતઃકરણથી મહેનત માંડી લેવારે.
પણ અભાગીયા પુરા જાણો બાળ લગ્ન કીધેલુરે.
મા બાપે વિધાનુ શ્રીફળ જન્મ થકીજ દીધેલુરે.

સ્ત્રીનુ આવવું અને નહી ભણવાનો આગ્રહ.

બાર વરસમાં ચૌદ વરસની નારી ઘરમાં આવીરે.
નાનો વર જાણીને મુજને અપ્રીત પ્રથમ બતાવીરે.
કહેવા માંડયુ મુખથી પોતે પાન ફુલ નવ લાવોરે.
શુ તમને પરણીને માણ્યાં જરા તરાજ બતાવોરે.
જવાબ દીધો છે ભણવાનો વખ્ત મોજ નવ માણુરે.
ભણી ગણી લાયક થઇ કરવુ એજ સરવથી સારૂરે,
કહેવા લાગી ભણી રહ્યા નવ ભણતે સુખડાં આવેરે.
નવી નવી તકરાર કરીને અંતઃકરણ કચવાવેરે.
પાઠ થાએ નહી પુરો તેથી માસ્તર ઠપકો આપેરે.
મા બાપે કર્યું બાળ લગ્ન હવે કોણ દુઃખડાં કાપેરે.
જમી ખાઇ મેડીપર જઇને બેસુ પાઠ હુ કરવારે.
થાએ દાદરો ધબ ધબ ત્યાં હુ માંડુ નીત થરથરવારે.
જાણુ મનમાં પાઠ હવે નહી આવી કરવા દેસેરે.
મુરખ જેમ તેમ બોલ્યા કરશે મનમાં આવ્યુ કહેસેરે.
કરૂ વિચાર ત્યાં આવી પાસે પુસ્તક ઝુંટી લીધુરે.
હુ આવુ ત્યાં ભણવુ નહી એ ડાહાપણ સમજી કીધુરે,
ચઢી ખીંજ મુજને બહુ તેથી તડછોડી મે નાંખીરે,
એક કહી એકવી સાંભળ્યા પણ નવ બેઠા સાંખીરે,
શુ કરવુ કહો કયાં જઇ કહેવુ કહ્યુ ન માને નારીરે.
મન માન્યુ કરવાને માંડયુ આપણ બેઠા હારીરે,
બાહાર નીકળુ કરે મશકરી મુરખ લોકો મારીરે.
ભાઇ રહ્યા નાહાના ને ઘરમાં છે બહુ મોટી નારીરે;
ઠીક પડયો અવતાર બાળકનો નારિ ગરિબ રખગર્વીરે.
મા બાપે કર્યું બાળ લગ્ન નવ દયા મુરખને આવીરે.
જયાં જઉ ફરવા લોક બકે બહુ વાંકજ કાઢે મારેરે.
રખડાવી નવલી નારીને નાનો વર તો નઠારોરે.
તીરસ્કાર કરવા બહુ માંડયો મુરખ લોકે માહારોરે.
કેમ કરી મોહોટો બની જાઉ સજન સર્વ વિચારોરે.
તોપણ મનમાં વિચારયું મેં તો માંન નારીને દેવુરે.
ફજેત કર નહી મોહોટી નારી વિનતી કરીને કહેવુરે,
એમ ધારી મેડિ ઉપર જઇને બેઠો વાટ હુ જોઇરે.
નારી આવી કહેવા લાગી શુ બેઠા છો રોઇરે.

ધીક પડયો અવતાર અમારો કેમ જશે જનમારોરે.
લોક કરે મશકરી બહુ મારી વાંક બધોજ તમારોરે.
આવ્યુ નજરમાં બકવા માંડયું મન ધાર્યું શું કહીએરે.
સુખ દુઃખ સમજી મનમાં બળીયે કપાલ હાથજ દઇએરે.
એમ કરતાં સોળ વરશની વય થઇ મોહોટી માહારીરે.
માંડ માંડ કરી થડબુક પુરી પણ આ વચમાં ખુવારીરે.
ઘરમાં આવુ દીલ બહુ મારૂ નારી તો કચવાવેરે.
પાઠ થાય નહી પુરો તેથી માસ્તર બહુ કહાવેરે;
કેમ તમે નહી પાઠ કરો તો પુરૂ નવ ભણવાનારે.
આમ કરતાં થઇ આલસુ છ પાંચતો ગણવાનારે.
પાઠ તમે નહી કરો કારણ શુ બહુ ચંચલ લાગોછોરે.
અભણ રહીને દુઃખી થવાનુ તે છતાં માગોછોરે.
બો માસ્તર કહે સમજી રહ્યુએ પણ ઉપાય શુ કરીએરે.
રોજ રોજ તકરાર કરીને રાત પડે ત્યાં મરીએરે.
પાઠ થાએ નહી દુઃખ એ મોહોટુ માસ્તર ઠપકો આપેરે.
સહુ સુધરેલા વિચારજો હવે કોણ દુઃખડાં કાપેરે,
સખ્ત પાઠ ઇગ્રેજી ભાષા બહુ મેહનત લેઉ ભાઇરે.
પણ નારી કાળજડુ બાળે આ શુ કરો કમાઇરે.
ભાનુવતીનો વર બહુ સારો કર્યું લુગડુ ભારીરે.
કેસરને ચંદરી સાડી કરી વરે બહુ સારીરે.
સહુ સભાગી હુંજ અભાગી શુ તમથી કહો થાએરે.
બેનપણી વાતોજ કરે ત્યાં મારૂ મન કચવાયરે.
ચંદુલાલ છે ગરીબ તો પણ વહુને જઇને પુછોરે.
તેમાંથી પણ જ્યાજ તમે તો તીલ માત્રમાં શુછોરે.
જવાબ દીધો ધીરજ રાખો પાંચ વરસ નવ બોલોરે,
ભણી ગણીને પાસ થવા દયો સર્વ સાથ પછી તોળોરે.
ઉમેદવારી કરી મુવાથી ત્રણસે સાઠ મલે છેરે
ખુશામતી કરી પ્રાણ જાએ છે સાઠ જણાની તલેછેરે.
તે દ્રષ્ટાંત ન દે તુ નારી ભણી પાસ જો થાશુંરે.
હશે જ્ઞાન વિદ્યા પરીપુરણ મોહોટે દરજ્જે જાસુરે.
પછે લુગડાં કરૂ હજારો શાને તુંજને મઠી દઉરે.
કરવા દે ઇચ્છા પરી પુરણ હાલ એજ માગી લઉરે.
મુરખ નારી બોલી મુખથી ઠીક મને સમજાવોરે.

પરણી તમોને ખુબ મુખથી કહી કહી લીધા લાવોરે.
સમજાવો છો કહોને કેને છઉ વરસ બે મોટીરે.
ભણવુ ગણવુ રહેશે છાપરે વાત કરો નવ ખોટીરે.
જાઓ સવારે કરો ખુસામત લીલક તુટયુ કરાવોરે.
વાળી તુટી ગઇ મોતીની હવે જડીયા પાસ જડાવોરે;
સુણી વાકય નારીના મનમાં નીશ્ચય મેતો કીધોરે.
મા બાપે કરયુ બાળ લગ્ન એ પથ્થર દુઃખનો દીધોરે.
રાત પડે કાળજડુ બાળે મુરખ નારી નીત્યેરે.
હાથ જોડી કહુ બાલ લગ્ન નવ કરશો સર્વ ખચીતેરે,
બળી બળીને ખાખજ થાઉ પણ હુ કયાં જઇને કહુરે.
કદી કહુ તો શ્રવણ કરે પણ મનમાં ધીકારે સહુરે.

સ્ત્રીથી કાયર થવું.

બહુ કચવાઇ કાગળ લખીયો પિતાપરે પરદેશેરે,
તાવ આવીને શરીર પડે છે નબળુ અમ હમેશેરે,
હવા બદલ કરવાને માટે મુજને ત્યાં બોલાવોરે,
લખ્યો પત્ર ઉતર આવ્યો એ પુત્ર સુખેથી આવોરે;
વાંચી ખરેખર ખુશી થયો હુ ગયો પિતાની પાસેરે,
નહી તાવ કે દરદ દુઃખ પણ મોટી નારીના ત્રાસેરે,
લખ્યો પત્ર નારીએ તરતજ મુકી મુજને એકલીરે,
તરત નાશી ગયા ડરી મુજથી નાહાના વરછો ફેલીરે,
એમ કરે નવ અંતજ આવે લોક કરે મસ્કરી બહુરે,
તેથી બાહાર ન જઈ શકુ હુ આંગળી ચીધે છે સહુરે,
એજ પ્રમાણે પત્ર આવવા તરતજ લગયા ભાઇરે,
જન્મી જગતમાં માત પીતાએ કરી મુજ માટક માઇરે,
કાગળ આવ્યો મીત્ર તણોએ માસ્તર ઠપકો દ છેરે,
નહી આવો તો તરતજ તે ડીસમીસ કરવાનુ કહેએરે,
પત્ર વાંચી એ બહુ ગભરાણો ઉપાય એક ન સુઝેરે,
હોળી બળી રહી ઝળ ઝળ પાસે કેમ કરી તે બુઝેરે,
પિતા પાસથી રજા લઇને ગયો દેશમાં ભાઇરે,
નારી આવી કહેવા લાગી કરી આવ્યા. શુ કમાઇરે,
માત તમારી બહુ છે મુરખ બેન તમારી પાજીરે,
તમે નહી ઘર આગળ તેથી ઘર જાતાં હુ લાજીરે,
તેથી તમારી બેન કહે છે લડધા જેવી ફુટીરે,

સાસુ કહે છે ગડબડ કરશો તો નાખીશ હું વાટીરે,
સહુ કહે પણ સાંખી રહુ છુ શુ કરવુ છો નાહાનારે,
તેથી સાસુ નણદી ઘરનાં સહુ મારેછે તાંનારે,
તેથી હુ અત્રે નહી આવુ સાફ તમોને કહુ છુરે.
એ કહેવાને આવી હતી હવે પાછી મુજ ઘર જઉછુરે,
એમ કહી ઉઠીને ચાલી બહુ ધહેવા મે કીધુરે,
પાછુ વળી સાસુ નવ જોયુ ધ્યાન કશુ નહી દીધુરે,
બે ઘડી મેડીપર બેશીને નીચે આવ્યો જ્યારેરે,
માત બેન મોહોટી બેહુ લડવા મુજને લાગ્યાં ત્યારેરે,
ધુડ પડી તાહારા જીવતરમાં વહુ તો ગઇ છે ફાટીરે
તડ તડ સાસુ બોલે સહુથી બીજો તો દ દાટીરે,
આતો ભડવો માલ મલે નહી વહુને કાંઇ કહે નહીરે
આવી તુ પાસે ઘડી બેઠી પાછી ઝટ ભાગી ગઇરે,
પુછયુ કયાં જાઓછો ત્યારે જવાબ પણ નહી દીધોરે
ધુડ પડી તાહારા જીવતરમાં લાહાવ અમે નહી લીધોરે,
સુણી વાકય માતાના મનમાં વળી અતી ગભરાણોરે,
પણ કીજે શુ કાલ મીઠનો દીધ પ્રથમથી પાણોરે.
ગયો સાંજરે ફરવા ત્યાં પણ લોક કરે ઠઠા સહુરે;
દુધ અને ઘી ખાઇ તમે તો તાજા થઇ આવ્યા બહુરે;
કરે મસ્કરી મુરખ લોકો પણ તેને શુ કહીએરે.
મોટી નારી માટે કહે છે એ સમજીને રહીએરે
રાત પડે ઘરમાં જ્યાં જાઉ લડવા મંડેલાં સહુરે.
માત બેનને મોહોટી નારી સહુ સરખાં કોને કહુરે;
જરા રહી પોકાર કરીને બંધ કરયાં લડતાં સહુરે
તો પણ માત બેન કહે ઘરમાં વર વહુ ફાટી ગયાં બહુરે
જમી ખાઇ મેડીપર જ્યાં જઉ અંધારૂ ઘબ જોયુરે.
દીવો કરવા કહેતાં પેહેલાં માન ખરેખર ખોયુરે,
દીવાસંળી દીવો કરવાને અંધારામાં ગોતુરે
વાગ્યો પાયો ખાટલા તણો તર્તજ ખાધુ ગોથુરે;
ઢીંચણ ભાગી ગયુ પણ નારી બોલી નહી નીજ મુખથીરે
આ નારી મળી નશીબમાં કહો કેમ રહુ હું સુખથીરે;
દીવાસળી ફાંફાં મારીને ગોતી દીવો કરીયોરે;
નારી સુતેલી ત્યાં પાસે ભાઇ જઇ હુ મરીયોરે.

થરથરતો કહેવા હુ લાગ્યો શાને માટ રીસાઓરે
શુ તમને છે દુઃખ કહોને ઉભા બાપુ થાઓરે;
જેમ કહો છો તેમ કરૂં છઉ તે છતાં નહી બોલોરે;
અંતઃકરણમાં હોએ કાંઇ તો મારી પાસે ખોલોરે;
માત પીતા છે મુરખ મારાં તે સામુ નહી જોશોરે;
ખરેખરો કચાઇ ગયો હુ હવે તમે નહી રોસોરે;
મારા પર ગુસ્સો નહી કરસો વાંક નથી કાંઇ મારોરે;
કદી હોય તો માફ્જ કરશો માનુ પાઠ તમારોરે.
બહુ બહુ કહેવા લાગ્યો ત્યારે માર્યો ગાલ તમાચોરે;
શુ ઠઠા કરવા તુ આવ્યો કરગરતો તુ પાછોરે.
ધુડ પડી મારા જીવતરમાં કયાંથી તમને પરણીરે.
સારૂ છે તે છઉ એકેલી આવ્યુ નવ અધરણીરે.
નહીતર પેટ ભરે શુ આહવો છોકરડો છરવંગોરે.
લાડ લડાવે નરગ ઉપાડી ગામ તણો તો ભંગ્યોરે.
તેમાંથી ગઇ હવે હુ શુ કરવુ ક્યાં કહેવુરે.
ક્યાંથી પરણી નાના વરને ઓલ્યા ભવનુ દેવુરે.
માત પીતાએ મુજને શાને આવા વરને દીધીરે.
આ દુનીયામાં ખરેખરી કહું દુઃખાણી મુજથી કોઇરે.
લખ્યા લેખતો મટે નહી પણ આથી મરવુ સારૂંરે.
સ્નાન કરી તુ નાંખ કંથડા ખરેખરૂ માહારૂંરે.
સુણી વાક્ય નારીના મનમાં ખરેખરો ગભરાણોરે.
ધીર ધરી કહેવા હું લાગ્યો અંત હવે તો આણોરે,
બહુ ન રોસો દોશ ન દેસો વાંક નથી કાંઇ મારોરે.
ગાલ તમાચો તડ દઇ માર્યો એ સું ધર્મ તમારોરે.
સહુન કરીને તોય રહ્યો હુ તે છતાં બહુ બોલેરે,
નહી બોલવા કહુ છઉ ત્યારે તસલા સમ મુજ તોલોરે.
હવે ખરેખર કાયર થઉ છું હાથ જોડી કહુ નારીરે.
માત પીતા હુ સરવે પાણી એકજ તુતો સારીરે,
લાજ તણી દરકાર ન રાખો કલેસ કરો હમેસરે
ધડપીટ નહી કરવાને માટે કોણ આવીને કહેસેરે.
બાર બજી આ નીંદ્રા આવે સુવા માટે ચાલોરે.
એમ કહીને તરતજ મેં તો નારીનો કર ઝાલ્યોરે.
તડછોડી નાંખીને બોલી ડાહાપણ ક્યાંથી આવ્યુંરે.

તુ બાળક છોકરડુ આ ડાહાપણ ક્યાંથી લાવ્યુરે.
સું કાંઇ મુરખ બુરખ સમજો હુ નહી જેવી તેવીરે.
સાંખી રહે તે બીજી નારી સમજો મુજને કેહવીરે,
આજ કહ્યુ પણ ફરી ન કહેવુ ખબડદાર જો બોલ્યારે.
એક ઘડીમાં પ્રાણજ જાશે કેક કંથડા ડોલ્યારે.
હવે ન માનુ કહ્યુ તમારૂ નહી આવો મુજ પાસેરે;
પ્રાણ દઉ અવશે મારો સવાર પણ નહી થાસેરે;
સુણી વાક્ય નારીના મનમાં વિચારમાં હુ પડીઓરે;
તરતજ હુ પસ્તાણો ભાઇ ક્યાંથી એ બડબડીયોરે;
જરા રહીને નમ્રપણેથી કહેવા લાગ્યો નારીરે;
માફ કરોને ભુલ ચુકજો થઇ હોય તો મારીરે;
પડ્યાં ખાડમાં માત પીતા મુજ કામ ન એ સાથે કાંઇરે,
પરમેશ્વરની ઇચ્છા તેમાં થાવાની તે તો થઇરે;
હવે કેમ રાજી છો બોલો કહેસો તેમજ કરસુરે;
પુછ્યા વણ પાણી નહી પીસુ પગલુ પણ નહી ભરસુંરે;
તે છતાં પણ આમજ કરસો તો તો કહો સું કરવુરે;
કહો તેમ કરવા છતાં નહી બોલો તો મરવુરે.

નોખા થવાનો આગ્રહ.

સુણી વાક્ય એ નબળાં માહરાં મુખથી બોલી નારીરે
નોખા થાઓ મુજ ઘર પાસે મુખ્ય વાત એ માહારીરે
હરજીવનનાં ઘર બહુ સારાં તે લ્યો કાલ ઘરેણેરે;
મારે તો રહેવુ છે સુખથી કાલ દીઠી છે કેણેરે;
ભણવુ મુકી દઇ હવેથી રોજગાર તો કરસોરે
નાની નોકરી જડશે તો પણ પેટ સુખેથી ભરસોરે.
એ માટે ચીંતા નહી કરશો જાણુ કાંઠલો માહારોરે;
એ વેચીને પેટજ ભરસુ એ પણ છેજ તમારોરે
નવનીતતે ધનીયાનો ભાણો શંકર પણ થ્યો નોખોરે;
માત પીતાનુ કાંઇ ન ચાલ્યું બેશી રહ્યા લઇ ધોખોરે
ચંદુ માણક નાના છતાં તે પણ નોખા થ્યાં સહુરે.
નોખા થઇ આનંદ કરે છે એ સઘળાં વરને વહુરે
ચંદુની વહુ બેનક મુજને કાલ મળી વડ પાસેરે;
જોઇ ફુલસ્યો છાશ તણો કહે પેટ ભરેશુ છાસેરે
ઘારી રાતડાં કરી રહ્યાં ને ફાલ ગાંઠીયા કરશુરે.

સેવૈયા પણ તાજા કરશુ મુજને ગમે નહી નરસુરે.
વાત અમે બે કરતાંતાં ત્યાં ઝીણી ઝટ લઇ આવીરે.
વરે કરેલી હશે બંગડી તે અમનેજ બતાવીરે.
બેનક બોલી તારા સરખી બંગડી આજ કરાવુરે.
મારો વરતો કરાવી આપે જે કહું તે મુજ સારૂરે.
છેએ આપણ બેઉ સ્વતંત્રજ મન ધારયું એ કરીએરે.
જુદુ રહેવુ બહુ છે સારૂ અડચણ પડે ન જરીએરે.
ત્યારથી હું તમપર ખીજાણી જુદા થાઓ કાલેરે.
હું સાથે નહી રહું કહું છુ ભેલુ તો નહી ચાલેરે.
માટે નીશ્ચય મુજને કેહેસો તો તમ સાથે બોલુરે.
અંતઃકરણથી હોએ કાંઇ તો મારી પાસે ખોલુરે
સુણી વાકય નારીના મનમાં નિશ્ચય મેતો કીધુરે.
જખ મારીને વળતે દીન મે ભણવુ મુકી દીધુરે,

ભણવું મુકયા પછીની સ્થીતી.

ભાઇ ભાઇ કહેવા સહુ લાગ્યાં બહુ ખોટુ આ થાએરે.
ભણવુ મુકી કેક આથડે હવે ઘણા પસ્તાએરે.
તેમ તમારૂ થશે આખરે ભણવુ મુકી દ્યો નહીરે
ઘણુ કહ્યુ પણ માન્યુ નહી મે કાયર તો થઇ ગયો ભાઇરે.
ઉમેદવારી કરવા લાગ્યો જઇ કોરટમાં નીત્યેરે.
ધીકાર્યો ઓફીસરે મુજને ભણવું મુકયું ભીંતેરે.
ઉમેદવારી કરવા લાગ્યો અક્લ થયો જનમારોરે
બહુ ખોટુ તેં મુરખ કરીચું વિદ્યા પણ નહી સીખ્યોરે.
કાલ વિકટતો આવે દીન દીન વિદ્યાવાળો ફાવેરે.
વિદ્યા વણ અજ્ઞાન અભણ તે આ દુનીઆમાં કહાવેરે.
ઘણુ કહે તે મનમાં સમજુ શુ કરવુ ન ઉપાયરે.
નીચુ ઘાલી જમીન ખોતરૂ બહુ પસ્તાવો થાએરે.
જ્યાં જઉ ફરવા માન ન પામુ ધીકારે મુજને સહુરે,
બાળ લગ્નનુ દુખ બહું મોટુ તે કોની પાસે કહુરે.
ઉમેદવારી વના હવે નહી રસ્તો મુજને સુઝેરે.
દારૂમાં અંગારો મુકયો ભડકો કેમજ બુઝેરે.
બહુ સરમીંદા થઇને જાઉ અમલદારને દ્વારેરે.
ભણવુ મુકી આ શુ માગ્યુ. એમજ સહુ ધીકારેરે.
તો પણ નફટો થઇને નીત્યે જાવા લાગો ભાઇરે

અરજી ફરજી લખી લાવવા લાગ્યો કાંઇ કમાઈરે
અમલદારની મરજી માફક બહુ વરતવા માંડયુરે.
મારા સરખા ગરીબનુ કહો કોણ ઝાલે કાંડુરે.
તો પણ આતે ખુશામત કરવા લાજ્યો સૌની ત્યારેરે
ધકા ખાઇ કાયર થઇ ગયો મનમાં લાવ્યા ત્યારેરે
આઠ રૂપૈયા તણી નોકરી જાવક લખવા આપીરે.
મા બાપે કરયું બાળ લગ્ન એ કહોને કેવાં પાપીરે.
આઠ રૂપૈયા માટે મરવા પડ્યાં માતને નારીરે.
નારી કહેવા લાગી લ્યો દઇ ચંદરકળા સારીરે.
કાન અકોટી લોલક નહી તે પણ તરત કરાવોરે.
ચુપ કરી બેઠી આજ સુધી હુ વાંક નહી કાંઇ મારોરે.
માત તાત કહે પગાર દે તુ આઠે આઠજ પુરારે.
ઘરમાંથી તો જાવુ પડશે જો આપ્યાજ અધુરારે.
ઘરનો વકરો જાણે છે તુ પૈસા વણ નહી ચાલેરે.
પગાર જો નહી આવે તો આ ઘરનુ કેમ હાલેરે.
પરણાવ્યો તુને તેનુ તો કરજ હજુ છે માથેરે.
તે પણ દેવુ તરતજ પડશે જો રહેવુ હોય સાથેરે,
એજ પ્રમાણે માત પીતા એ મુજને કહેવા લાગ્યારે.
આઠ રૂપૈયા માટે સૌકો એજ પ્રમાણે જાગ્યારે,
નારીનુ મન જો કચવાવુ તો તો ભોગ મળે મુજરે,
માત પીતાનુ પણ શુ થાયે પડે ન કાંઇ મુજને સુઝરે.
કહો બેમાંથી કોનુ કરીએ મારે શુ નહી જોએરે.
આઠ રૂપૈયા માટે સૌકો પેટ ભરીને રોએરે.
એમ કરતાં પગાર આવ્યો એક માસનો કયારેરે.
વિચારમાં પડીયો હું ભાઇ શુ કરવું કહો ત્યારેરે.
તોપણ મેતો નારી માટે ચંદરકલા લીધીરે.
માત પીતાએ શ્રવણ કરી એ શકતી મુજપર કીધીરે,
શુ તારા મનમાં તુ સમજે વહુને વશ થઇ ભડવોરે.
તારૂ મો નહી જોશે કોઇ થયો સરવને કડવોરે.
ઘરમાં દેવુ હોયજ તારે તો તુ ઘરમાં રહેજેરે.
નહીતર ઘર છે ઘણાંજ ગામમાં તરતજ ગોતી લેજેરે
બેનુ ઘરમાં ખર્ચ પડે છે તે નહી મુરખ જાણેરે.
બન્યા આપ શ્રીમંત તણા સુત ચંદરકલા આણેરે.

બુડ ઘાણવસે નારી ત્યારે આંખ ઉઘડશે ભાઈરે.
કામ ન તારૂ કાંઇ અમારે સુ તારીજ કમાઈરે.
ચુનીભાઇને પુત્રજ નહી પણ તેનુ કાંઇ ન અટકેરે.
પુત્ર હોય તે કપુત જાગે એતો નીશ્ચય ખટકેરે.
માત પીતાનાં વાકય સુણીને ખરેખરો ગભરાઉરે.
મનમાં સીધ કર્યુ કે નાખો. નર્ત હવે તો થાવુરે.
કરી વિચાર મેડીપર જયાં જાઉ નારી તર્તજ આવીરે.
ગભરાસો નહી જરા માત્ર કહ્યુ એતો સમજો ભાવીરે.
માત તાત તો બહુ છે સારાં કેમ થયાંજ નઠારાંરે.
હુતો કહેતી ત્યારે પોતે કહેતા નીત્યે મહારાંરે.
મારાં તો જે હોએજ તે તો મારાં થઇને બેસેરે.
બીજાં તો નોખા થવાને તડ દઇ મુખથી કેહેશેરે.
બહુ છે સારાં સો જાણુ કામ ન કો દીન પડશેરે.
કામ પડયુ તે સાથે તે તો પોક મુકીને રડસેરે.
માટે નોખા થાઓ તર્તજ વિચાર એ છે માહારોરે.
લડા લડી કરવા કરતાં તે રસતો સાથી સારોરે.
જાણી વાત ખરેખરી ચાલ્યો હરજીવનની પાસેરે.
ગયો ઘેર મળીયો હુ બોલ્યો આવ્યો છુ તમ આસરે.
ઘર છે સારાં બહુ તમારાં આપ ઘરેણે આપોરે.
બંદોબસ્ત કરી ઘર સોંપો દુ:ખ આજ એ કાપોરે.
તે બોલ્યો ન ઘરણે આપુ આપુ લેશો ભાડેરે.
બંદોબસ્ત કરૂ એ સખ્તજ પાંચ વરસ નવ કાહાડોરે.
વરસ એકના વીસ રૂપૈયા લેશુ રહેવુ હોએરે.
આવી આજ રહોને નહીતર લેસે બીજો કોઇરે.
એજ પ્રમાણે લખી લેખને માત પીતાને કીધુરે.
હરજીવનનુ ઘર મેં ભાડે વીસ રૂપૈએ લીધુરે.
આજજ નોખો થાઉ ખરેખર ઘરવાખરો દો ભારીરે.
માત પીતા કહે એમ ન થાએ વાત નથી આશારીરે.
સુ કાંઇ મુરખ બુરખ થઇ ગયો નોખા એમ થવાએરે.
તુ તો થઇને છુટ છોકરૂ લાજ અમારી જાએરે
તો પણ મે કંકાસ કરીને ઘરવાખરો લીધો કાંઇરે.
નોખા થઇ બેઠા ત્યાં ભાઇ થાવાની તે તો થાઇરે,

માત પીતાથી જુદા થયા પછેની સ્થીતી.

સર્વ કુટંબી પણ મુજ સાથે કળેશ કરીને બેઠાંરે;
માત પીતાના મોટા તડમાં તર્ત જઇને પેઠાંરે.
ફલીઆના સહુ નરને નારી ધીકારે મુજને બહુરે.
કરેમશ્કરી કઇક નારીઓ કરશે જેમ કહે વહુરે.
ચાર દીવશ ઘરમાં દબી બેઠો બાહાર ગયો નહી ફરવારે
ગયો કોરટમાં જયારે પણ સહુ લાગ્યા મશ્કરી કરવારે.
જવાબ પણ શું સહુને દઇએ ચેન પડે ન જરાએરે.
ગભરાએલો હુંતો બહુ પણ નારી ખુશાજ થાએરે.
ફરતાં ફરતાં જમવા લાગી બેનપણી બહુ આવેરે.
પાણી પાઇ પાન સોપારી સૌને તે ખવરાવેરે.
હસા હસી કરી નવરાં બેશી વાત તડાકા મારેરે.
થઇ સ્વતંત્રજ ગણે ન મુજને કોણ તેહને વારેરે-
જમવા ખાવાનુ કરી આપે મનમાં આવે ત્યારેરે.
જે મુકે તે ખાવુ ભાઇ નહી બોલવુ માહારેરે.
મન માંન્યું તે કરવા લાગી શુ તેને કહો કહીએરે.
બેઉ એકલાં ઘરમાં ત્યારે કલેશ કરી કયાં રહીએરે.
કોરટમાં થકી જંગલ જાવા આવુ ઘેરજ જયારેરે.
તાલુ દઇ ગઇ હોએ ભટકવા પાછુ વળવુ માહારેરે.
જો કહીએ તો સામુ બોલે કહ્યુ ન માને મારૂરે.
તે દીન મુકે કાચુ પાકુ ખાવા મુજને નઠારૂરે.
સમજી મનમાં સઘળુ રહીએ ભાઇ એ સંતાપેરે.
મા બાપે કર્યું બાળ લગ્ન હવે કોણ દુઃખડાં કાપેરે.
બીજાજ કરવા જઇએ ત્યારે બોલે નારી મુખથીરે
ઘર માંડીને બેફીકરા થઇ ફરવુ છે બહુ સુખથીરે.
એક તાવડી તેરવાના તો માગે નિશ્ચે જાણેરે.
થઇ રહ્યા છે ઘઉ આજ તો એક કોથળો આણેરે.
અધમણ લાવો ચણા બોડીયા આજ ઘુઘરા કરશુરે.
લાવો એકજ બરણીસારી તેમાં એતો ભરશુંરે.
મોસમ ચાલી જાશે માટે કાચી કેરી લાવોરે.
રાઇ મેથી મરચાં જોશે તે પણ આજ મગાવોરે.
ગરમર, ગુંદા મણ માણ લાવો અધમણ લાવો આદુરે.
ટોપરૂ ખારેક તે પણ લાવો ગમે ન મુજને સાદુરે.

આજ અથાણુ કરવા માટે એ સઘળુ લઇ આવોરે.
પૈસાનો વિચાર કરે નહી લાવો લાવો લાવોરે.
ક્યાંથી લાવી દઇએ કહોને પાસે ન મળે પાઇરે.
આઠ રૂપૈયા પગાર આવે તે પર સરવ ભવાઇરે.
ભોજન ખર્ચ જસે તેમાંથી કપડાના પણ વાંધારે.
તો પણ દુઃખ વેઠીજ ચલવીએ સર્વ વાતના સાંધારે.
તે છતાં લાવો લાવો કહે નિત્યે મુરખ નારીરે.
કરીએ નહીતર કહેસે એહું સુ તમને કહુ વારીરે.
કમાવવાની શક્તિ હોએજ મીજાજ તોયે કરીએરે.
મીજાજ કરવો હોયજ તો તો પેટ નારીનુ ભરીએરે.
સુ કમખો કે ચાણીયો સારો કયુ લુગડુ કદીએરે.
આઠ રૂપૈયામાં શુ કરીએ કહીયે લેવા જએરે.
કમાવવાની શકતી નહી તો આંખજ મીંચી રહીએરે.
આંખજ આડા કાન કરીને મીજાજ કરી નવ કહીએરે.
મન માન્યુ તડ તડ લઇ બોલે સઘળુ સાંખી રહીએરે.
કમાવવાની શકતી નહીતે વાત ખરી સુ કહીએરે.
બાળ લગ્નથી કાયર થઇને ભણવુ મુકી દીધુરે.
ભણ્યા નહી એ ભાઇ ખરેખર ખોટુ મેતો કીધુરે,
વીધ્યા વણ નહી નોકરી આવે માન મળે ન જરાએરે.
પછી ખુશામત કરી કુતરાં માફક પેટજ ભરીએરે.
મીજાજ કરી એ કામજ ન આવે મનમાં સમજી રહીયેરે.
મા બાપે કરયું બાળ લગન હવે કોણ દુઃખડાં કાપેરે.
નારી કહે તે સાંખી રહીયે ઉપાય એક ન સુઝેરે.
સર્વ વાતની લાયજ મનમાં બળતી કેમજ બુઝેરે.
આસ પાસથી પાંચ પડોસી મિત્રો આવી બેસેરે,
દઇ દીલાશો ચિંતા નહી કંઇ કરસો મુખથી કહેસેરે.
કંઇ કઇ વસ્તુ લાવી આપે મુજને લાગે પ્યારેરે.
તારા ટપકી કંકુ લાવે નારી કહેશે સારારે.
જમવાનુ કહેવા તે લાગ્યા મિત્રાચારી જાચીરે.
પ્યાર પરસ્પર થયો બહુ ભાઇ તેમાં નહી કાંઇ ખામીરે
ભલમનસાઇ બહુ બતાવી પ્યાર ખરેખર કીધોરે.
આખર દુષ્ટ મીત્રો થઇને દગો ખરેખર દીધોરે.
કેમ કરી હુ જાણુ ભાઇ સર્વ ભણેલા સારારે.

અમલદારની પંકતીમાં વળી કહે ન કોઇ નઠારારે.
પૈસા પાત્ર રહ્યા વગવાળા સું તેને કહો થાએરે.
નોકરી તોડી નાખે મારી કેમ કરી કહેવાએરે.
સમજી મનમાં સઘળુ રહીએ કોણ સાહ્યતા આપેરે.
મા બાપે કર્યું બાળ લગન હવે કોણ દુઃખડાં કાપેરે.
વરસ વીસની વય તો મારી આવીસમીએ થએલીરે.
પડ્યાં દુઃખડાં નાની વયથી કોણ ગરીબનો બેલીરે.

સ્ત્રીને શ્રીમંત અને બીજાનુ ફુલાવવું.

આવ્યુ અઘરણી નારીનુ કહો ઓછામાં પુરાં થઇરે.
નારી કહેવા લાગી અઘરણી મારૂ કરસો કે નહીરે.
ભાણીનો વર ગરીબ છતાં કેવી કહો માણાગીરે.
મનમાં સઘળુ સમજી રહીએ જેહુ થાએ તે ભાવીરે.
મુરખ નારી કેક મજીને આવી નીત ચડાવેરે.
બાવી વર્ષે આવ્યુ અઘરણી વરસુ નહી માણાવુરે.
નાની કેસર ભાણી બેનક બેનપણી સૌ આવીરે.
આવ્યુ અઘરણી બાવી વરસે ખુશીજ એજ જણાવીરે.
કહેવા લાગી ઓછુ ત્યારે નહી રાખવુ કાંઇરે.
જે સારૂ લાગે તે કરવુ રાખીશન મનમાં કાંઇરે.
તો તુ પાછળથી પસ્તાણી કેમન બેનક બોલેરે.
બેનક કહે ભાણી છે સાચી પેટ ખરેખર ખોલેરે.
ઇંડર ડોસી કહેતાં તાંજ રહેવાને જઇ કહેજોરે,
આવ્યુ અઘરાણી બાવી વરસે લાણુ ખરેખર લેજોરે.
બેનક જ્યાં કહેવા લાગી ત્યાં ઇડર ડોસી આવ્યાંરે.
ક્યાં ગઈ રેવા કહી વાતચે બેસી કહેવા લાગ્યાંરે.
સાંભળ રેવા બાવી વરસે આજ અઘરાણી આવ્યુરે.
કીકો મારો નબળો નાનો તો પણ હેત જણાયુરે.
સાંભળ રેવા પાંચ માસ તો પુરા થાવા આવ્યારે.
તે છતાં નહી હજુ લાડકા લાડુ કેમ કરાવ્યારે.
પાક તણા લાડુ કરી આપો સર્વ કુટંબીને ઘેરરે.
તુ નહી અણસમજુ કરતી જા તેમાં સમજે શુ વરરે.
કીકો ના નહી પાડે નીશ્ચે મન માન્યુ તું કરજેરે;
સરમાતી હોતો હુ કીકા પાસે જઇને કહુ છુરે.
એ કહેવાને આવી હતી હવે કીકા પાસે જાઉ છુરે.

બેનક બોલી મેહેડીયે છે હાક મારી બોલાવોરે.
ઇડર કહે કીકા હુ આવી નીચે હુતો આવ્યોરે.
ઇદર બોલી કીકા હુતો કહેવા તુજને આવીરે.
બાવી વરશે આવ્યુ અધરાણી નહી ભરોસો ભાવીરે.
માટે તુને કહુ છુ સાંભળ રેવા કહે તે કરજેરે.
ધામ ધુમ કરી કરજે અધરાણી પાછી પાની નહી ભરજેરે
નાના ભાઇનો પુત્રજ તું તાં કોણ કહે અકરમીરે.
નાત વરા કરીએતો કહેસે નાત તને તો કરમીરે.
એમ કહીને ઇડર ડોસી ગયાં આપને દ્વારેરે,
બેનપાણી ગઇ નારી બોલી કરવુ સરવે મારેરે.
નાત જાતમાં નીચુ હુતો નહી જોઊએ માટેરે.
સામન સારૂ જાઓ આજે ગોવરધનને હાટેરે.
નહીતર બોલુ નહી તમ સાથે લાવી દેશો જ્યારેરે.
પગવાળીને બેસુ ઘરમાં બેફીકરી થઇ ત્યારેરે.
જવાબ દીધો લાવી દઉ છુ ઉપાએ એક ન સુઝેરે.
બાળ લગનની બળતી હોળી કેમ કરી તે બુઝેરે.
ગયો બજારમાં પારખ પાસે બસે પુરા લીધારે.
દસ્તાવેજ લખીને ભાઇ જમાન તેના દીધારે.
ચાર માસમાં તે ભરી દેવા વીઆજ ટકો ઠરીઓરે.
મા બાપે કરયું બાળ લગન હું તે કારણથી મરીયોરે.
કહેવા માફક સઘળુ કરીયુ ચાદર ફરંતી દીધીરે.
સઘળાં મુરખ નર નારી મળી પુરી ખુવારી કીધીરે.
પ્રથમ ચડાવી તાના મારી ખરચ કરાવ્યું ભાઇરે.
પણ જાણ્યુ નહી આઠ રૂપૈયા દર માસેજ કમાઇરે.
જમવા ખાવા સૌકોઇજ આવે કુટબનાં નરનારીરે.
કીકા ભાઇ જમણવાર તો કરી તમે બો સારીરે.
તેમજ બેરા બૈરાં પાસે વખાણ કરવા લાગ્યાંરે.
આખર મુજને પેટ ભરીને ખુબ ખાસડાં વાગ્યાંરે.

કરજ કરી ફુલણજી થયા.

પુરૂ અધરાણી થઇ રહ્યુને આઠ માસ થયાં જ્યારેરે
પારખ ગોવીંદજી ગીરધર તો આવ્યા મારે દ્વારેરે.
મેહેરબાન રૂપૈયા આપો આઠ માસ થયા પુરારે.
વીઆજના પણ આજજ આપો હુ નહી લઉ અધુરારે.

જવાબ શું ધાછો તે કહોને રૂપિઆ તો લેસું.
ચાર માસના આઠ થયા પણ આંખ ન ખુલે એસુરે.
સુણી વાકય પારખજીનાં તો થરથરવા હું લાગ્યોરે.
કરજ કરીને ફુલણસી થ્યા એજ તમાચો વાગોરે.
જવાબ દીધો કૃપા કરીને પારખ આજ પધારોરે.
ભરી દઉ પારખજી તર્તજ વાંક થયો એ મારોરે.
હવે તરત બે ચાર દીવશમાં સરવ ભરી દઉ જાઓરે.
પારખજી કહે ક્યાંથી ભરસો દીવાળીઆ નહી થાઓરે.
ક્યાંથી દશો ઘર છે ભાડે પાસે નહી કંઇ પુજીરે.
ક્યાંથી આપ્યા મેંતો તમને સુમતી પ્રથમ ન સુઝીરે.
આવ્યુ નજરમાં કહી પારખજી ગયા આપને દ્વારેરે.
ક્યાંથી ભરવા વિચાર પુરો ઇશ્વર તો ઉગારેરે
તોજ નીભાયે નેતર કાંઇ કરવુ મને નહી સુઝેરે.
મા બાપે કરયું બાળ લગ્ન તે ઝાળ કેમ કરી બુઝેરે.

પઇશા મેળવવા પ્રયત્નો અને તેનાં પરીણામ

પૈસા તો મળવાને માટે મીત્ર લાગ્યા કહેવારે.
જુગાર રમતાં તર્ત મેળવો ઊપાય નહી એ જેવોરે
પુત્ર તણો તો જન્મ થએલો ફીકર પડી સૌ માથેરે.
દુ:ખમાં તો હું રહ્યો એકલો સુખમાં તો સૌ સાથેરે.
સુખ દુ:ખથી બે ચાર વરસ મેં કાઢી નાંખ્યાં ભાઇરે.
આઠ રૂપિઆ તો દર માસે આવે વધે ન પાઇરે.
ખરચ ચલાવી કરજ ક્યાંહાંથી દવુ કહોને ભાઇરે
મિત્રો જુગાર રમવા કહેવા લાગ્યા થઇને ઝાઇરે.
જુગાર રમતાં તર્ત મેળવો પૈસા પુષ્કળ નીત્યેરે.
ફીકર સર્વને દુર કરીને ઉધમ કરશો એ રીતેરે.
ચાર દીવશમાં સાડા ત્રણસે આજ થયા મુજ પાસેરે,
હજુ રમુ તો તેથી વત્તા મુજ પાસે તો થાશેરે
સુણી વાકય મુજ મિત્ર તણાં હું જુગાર રમવા માંડયોરે,
હતા પાંચ પચ્ચા મુજ પાસે ધકો તેનો વાગ્યોરે;
મેલવવા જાતાં તો ખોયુ હતુ સરવ જે પાશેરે.
માદો પડીયો કરજ ખરચને નીશ્ચે જાણો ત્રાશેરે,
વરસ એક માંદો રહેવાથી નોકરી તુટી મારીરે
ઓછામાં પુરી તેતો થઇ ખરેખરી ખુવારીરે,
મંદગીમાં પણ ભાવ ન પુછે નારી કો દીન મારીરે,

મન માન્યું તે ખાએ પીએને પેહેરે લુગડાં ભારીરે,
કરી કરૂણા મનમાં આવે તે કરી ખાવા આપેરે,
મા બાપે કરયું બાળ લગ્ન હવે કોણ દુઃખડાં કાપેરે,
ત્રીસ વરસની વય થઇ મારી પૈસા પણ નહી પાશેરે,
ચોરી કરવા ઉપાય સુઝે પારખજીને ત્રાશેરે,
તેથી પાડોશીના ઘરમાં જઇ રાતરે પેઠેરો;
મેડી ઘરની તે પર થઇને ઉતરીયો હુ હેઠોરે,
કરમ ફુટયું આવ્યું મીદડુ ખડખડ કરવા લાગ્યુંરે,
સુતેલુ વળી બાળક તે પણ રોતુ રોતુ જાગ્યુરે,
પાડોશી પણ જાગ્યો તર્તજ લાગ્યો દીવો કરવારે.
અંધારામાં ફાંફાં મારૂ બાહાર તર્ત નીસરવારે
ખીલી વાગી કપાળમાં હુ પડયો ખાટલા માંહેરે.
નારી તેની સુતેલી તે જાગી કરતી હાયરે.
ચોર ચોર છે પકડો ઝટ દઇ રાડ પાડી પોકારીરે.
ઝટ લઇ પેશી ગયો હુ રાધણીયામાં દઇને બારીરેરે.
થર થર તો હુ રાધણીયાના ખુણામાંજ ભરાયોરે.
આસ પાસના કેહેવા લાગ્યાં લુચ્ચો કયાંક દબાયોરે.
ચોર હતો નિશ્ચે હું કહુ બોલી ઘરની નારીરે.
દીવો લાકડીયો લઇ ગોતે ડરવા લાગ્યો ભારીરે.
વાડા મેડી સરવ ઓરડા જોયા પણ નહી જડીયોરે.
રાધણીયુ ઉઘાડે ત્યાંતો નીચે હુ જઇ પડીયોરે.
ચોર ચોર છે કહી લાકડી મુજને બે ત્રણ મારીરે.
કોણ અરે કીકાભાઇ કયાંથી વાત કરી સુ સારીરે.
શાને માટે ચોરી કરવા આવ્યા આસુ સુઝુરે,
સુણી વાકય બહુ શરમાયો નીચુ ઘાલી ધ્રુજ્યુરે.
માફ માગી કેહેવા હું લાગ્યો છોડી મુજને દશોરે,
ટુકે વાળી સમજી રેહેશો વાત નહી કઇ કેહેશોરે.
તે છતાં ફરીયાદ કરીને કોરટમાં જઇ ચઢીયોરે.
પાંચ માસની ટીપજ મારી તુરંગમાં હુ પડીયોરે.
બહુ બુરી હાલત થઇ મારી માત પીતાને પાપેરે.
રાત દિવશ નવરો બેશી રહુ વિચાર મુજને થાયરે.
છેક અવસ્થા નબળી થઇ આ કારણ શું કેહેવાયરે;
વિચાર કરતાં શીધ કરયું મેં બાળ લગ્ન થયુ જયારે
'વ ગણવુ મુકી છાપરે બૈરકરાથ્યા ત્યારેરે.

કમાવવાની શક્તિ રહી નહી વિદ્યા વણ કહુ મારીરેરે.
પૈસો લેસ મળે નહી પાસે તેથી ફાટી નારીરે.
બાળ લગ્ન કરવાથી બુરા હાલ થયા બહુ મારારે,
માટે બાળ લગ્ન નવી કરસો પુત્ર તણુ તમ પ્યારારે,
પુરી ટીપ થઇ રહેવાથી બાહાર નીકળ્યો જ્યારેરે,
પરમેશ્વરની ઇચ્છા તેથી થઇ નોકરી મારેરે,

બાળ લગનથી પસ્તાઇને પુત્ર માટે સુગ્ન વિચાર

પુત્ર થયો દસ બાર વરસનો ભણાવવાનુ કીધુરે.
વિદ્યા દાનજ દેવા પાછળ ધ્યાન ખરેખર દીધુરે,
ગુજરાતી પુરૂ કરી ભણવા લાગ્યો તે ઇંગ્રેજીરે,
પાંચ વરસમાં પાસ થયો તે નીકળીયો બહુ તેજીરે;
સોળ વરસની વયમાં કન્યા આઠ વરસની જોતીરે;
માન્યુ નહી નારીનુ કહેવુ તે બાબત રહી રોતીરે,
વીસ વરસમાં જ્ઞાન મેળવી પુત્ર થયો વીદ્વાનજરે;
પગાર થયો દર માસ દોઢસો મેળવીયુ બહુ માનરે,
બાર વરસની કન્યા પણ થઇ તેર વરસ થયાં જ્યારેરે,
લાયક ઉમરની વહુ તેથી ઘરમાં લાવ્યા ત્યારેરે;
એકવી વરસે તેર વરસની આવી ઘરમાં નારીરે.
બેઉ બરોબર વયનાં તેથી પ્રીત પરસ્પર સારીરે.
માસ એકના મળે દોઢસો દુઃખ થયુ સૌ દુરજરે.
ખાન પાન મળવા સૌ લાગ્યુ મન માન્યુ ભરપુરજરે,
પુત્ર કહે ચીંતા નહી કરસો જે જોઇએ તે લેજોરે,
ચીંતા આપ ન કરસો કાંઇ સુખ દુઃખ મુજને કેહેજોરે.
લાયક પુત્ર થવાથી બા સંતોષ મલ્યો આખરતોરે,
જમીન લઇને એક બંગલો રહેવા માટે કીધોરે.
અકલ મંદ ઇશ્વિર ઇચ્છાથી મોટો દરજ્જો લીધોરે.
તેથી બે ઘોડાની ગાડી સાંજ પડે ત્યાં આવેરે,
બેસી તેમાં નરને નારી ફરવા નીત્યે જાવેરે;
પ્રભાતમાં તો સ્નાન કરીને પુજા કરવા બેસેરે,
મળવા મોટા ગ્રહસ્થો આવે જંવાબ પણ નહી દેસેરે
પુજા કરી અડખડતાં કપડાં પેહેરી બાહારજ આવેરે
મોટા મોટા ભાઇ ભાઇ કહી સંકટ [illegible]રે,
તારે આ વખતે તો ભાઇ કહે તે થાએરે,
ફળ છે વિદ્યા સેષ્ટ ગણાએરે,

ભાત ભાતનાં ભોજન તો તૈયાર કરે ઘેર નારીરે,
જમી ખાઇ કોરટમાં જાએ પેહેરી લુગડાં ભારીરે;
સાંજ પડે બગીમાં બેશી ફરવા જાએ બાહારરે.
ઘરમાં આવે મીસાલ આગળ ચોપદાર પોકારે,
ગાદી તકીયા ઘરમાં ત્યાં તે આવી પુત્રજ બેસેરે;
રાત દીવશ આનંદ કરીને નર નારી તો રહેસેરે,
નારીને ચંદરી સાડી કપડાંનો નહી પારજરે,
આભુષણ અગણીત કરાવ્યાં જે માગે તૈયારજરે.
આજ્ઞા તો બહુ પાળે નારી જેમ કહે તે કરસેરે.
રીસ ચઢે જો જરાક તો તો નીશ્ચે નારી મરસેરે;
એજ પ્રમાણે પુત્ર તણી તો સ્થીતી થએલી ભાઈરે.
જનમી જગતમાં મે પણ કેવી ભાત કરેલી કમાઈરે;
તે બને વરણન કરી આજ સજ્જન મેતો કીધારે.
બાળ લગ્ન કરી માત પીતાએ દુઃખડાં મુજને દીધારે-
દુઃખ દુઃખને દુઃખજ દેખ્યુ આખી જીંદગી માંયેરે;
બાળ લગ્ન નવ કરસો કોઇ છે નહી સુખ જરાએરે;
તેથી મેં મુજ મનથી દઢ કરી વિદ્યા દાનજ દીધુરે,
નાની વયની કન્યા ગોતી સુખ પુત્રને કીધુરે.
માટે સૌ સજન મળી નીશ્ચે એજ પ્રમાણે કરસોરે.
નાત જાતકે ડોસાં ડગરાં કોઇ થકી નહી ડરસોરે.
બાળ લગ્નનો લઇ અનુભવ નીશ્ચય સૌને કહુ છુરે.
વરણન આખી જીંદગી તણુ કહી સલાહ હું દઉછુરે.
પડતી ચડતી થાય જગતમાં મુખ્યજ કારણ આછેરે,
બાળ લગન કરવાનુ કહો તો ના ના ના ને નાછેરે,
માત તાત નહી થાસો પાપી દુઃખ છે એ બહુ મોટુરે,
આ દુનીયામાં બાળ લગ્નથી અવર નહી કંઇ ખોટુરે,
તેથી બાળ લગ્ન નહી કરવાં સૌ સુધરેલા કહેસોરે.
સૌ સુધરેલા અંતઃકરણથી ખરી પ્રતીજ્ઞા લેસોરે;
સંવત ઓગણીસે છત્રીના શ્રાવણ સુદી નોમેરે,
વાર રવીએ કાવ્ય કરી આ સહુ સુધરવાને મેરે,
સુખ ધન વિદ્યાની વૃદ્ધી છે દુષ્ટ રીત એ ટાળેરે.
કહ્યું કરજોડી જુનાગઢ કર નાગર છોટમલાલેરે

સમાપ્ત.

જાહેરખબર.

—*—

સર્વોપયોગી નીતિકાવ્ય, ભાગ પેહેલો તથા બીજો, સંતોષ જ્ઞાન પ્રકાશ, પ્રમદા પ્રબોધ શી યાળ આખ્યાન. ત્રીકમવિલાસ વિલાપ એટલાં પુસ્તકો મારાં બનાવેલાં હાલ મારી પાશે તૈયારછે કે જે તક મળે બાહાર પાડીશ. અમરેલી મજમુદારનાં જન્મ ચરીત્રતથા દિવાન અમરજી વીં નાં જન્મ વૃતાંત લખવાનુ કામ ચાલે છે તૈયાર થયે પ્રસિદ્ધ કરવામાં આવશે.

છોટાલાલ જાદવરાય

મુંજમુદાર,